ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી
(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),
"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭
ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦
E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/104 Dt. 22/08/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સના વુમન આંત્રપ્રિન્યોર સેલ દ્વારા 'સ્કિલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ' યોજાયો

## કોઈપણ વ્યક્તિનું ગ્રૂમિંગ અને પ્રેઝન્ટેશન યોગ્ય હોય તો તેનાથી તેની પર્સનલ તથા પ્રોફેશનલ ઈમેજ મજબૂત બને છેઃ ઈમેજ અને આંતરરાષ્ટ્રીય એટીકવેટ કોચ શ્રીમતી અનિતા સિંઘ

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના વુમન આંત્રપ્રિન્યોર સેલ દ્વારા મંગળવારે, તા. ૧૯ ઓગષ્ટ ૨૦૨૫ ના રોજ સાંજે ૦૫:૩૦ કલાકે, ઝિબ્રીશ બેન્ક્વેટ હોલ, પીપલોદ, સુરત ખાતે સ્કિલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ યોજાયો હતો,જેમાં ઈમેજ અને આંતરરાષ્ટ્રીય એટીકવેટ કોચ શ્રીમતી અનિતા સિંઘે મહિલા ઉદ્યોગ સાહસિકોને ઈમેજ મેનેજમેન્ટ વિશે મહત્વની માહિતી આપી હતી.

શ્રીમતી અનિતા સિંઘે જણાવ્યું હતું કે, બિઝનેસમાં સફળતા મેળવવા માટે ઈમેજ મેનેજમેન્ટ ખૂબ જ જરૂરી છે. કોઈપણ વ્યક્તિનું ગ્રૂમિંગ અને પ્રેઝન્ટેશન યોગ્ય હોય તો તેનાથી તેની પર્સનલ તથા પ્રોફેશનલ ઈમેજ મજબૂત બને છે. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે વ્યક્તિએ શું પહેર્યું છે તે એટલું મહત્વનું નથી, પરંતુ તે કેવી રીતે પોતાનું પ્રેઝન્ટેશન કરે છે તે વધારે અસરકારક છે. જો તમારી પાસે ટ્રેઈન્ડ ટીમ હશે તો સારી રીતે સેલ્સ કરી શકશે અને યોગ્ય રીતે કસ્ટમર હેન્ડલ પણ કરી શકશે. તેમણે આગળ જણાવ્યું હતું કે, કસ્ટમર રિલેશન તથા સેલ્સ ટીમની સફળતા માટે પણ યોગ્ય ઈમેજ ખૂબ ઉપયોગી સાબિત થાય છે.

ચેમ્બર ઓફ કોમર્સના ગ્રૃપ ચેરમેન શ્રી શૈલેષ દેસાઈ, વુમન આંત્રપ્રિન્યોર સેલ (WEC) ના એડવાઈઝર શ્રીમતી સ્વાતિબેન શેઠવાલા અને સુશ્રી કૃતિકા શાહ તેમજ સેલના અન્ય મહિલા ઉદ્યોગ સાહસિક સભ્યો કાર્યક્રમમાં

ઉપસ્થિત રહ્યા હતા. વુમન આંત્રપ્રિન્યોર સેલના ચેરપર્સન સુશ્રી અંકિતા વાલંદે સ્વાગત પ્રવચન કર્યું હતું. જ્યારે WEC ના સભ્ય સુશ્રી વનિતા રાવતે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. WEC ના સભ્ય શ્રીમતી પુર્વી પચ્ચીગરે વક્તાનો પરિચય આપ્યો હતો. અંતે, ઉપસ્થિત મહિલા ઉદ્યોગ સાહસિકોને મુંઝવતા તમામ પ્રશ્નોના વક્તાશ્રી દ્વારા સંતોષકારક જવાબ આપવામાં આવ્યા હતા. WEC ના સભ્ય શ્રીમતી દેવિકા કંસારાએ ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ત્યાર બાદ કાર્યક્રમનું સમાપન થયું હતું.